| PUBLICATION NAME : | Gujarat Samachar (Plus) |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 07/09/2022 |
| PAGE: | 02 |

### ‘ઉદ્યોગસાહસિકો માટે સફળતા કેવી રીતે નિર્ધારિત કરવી’ વિષય પર NFSUના વાઈસ ચાન્સેલર ડૉ. જે એમ વ્યાસે કહ્યું

# જીવન અને વ્યવસાયિક ક્ષેત્રે શિસ્તતા ખૂબ જરૂરી છે



એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)ના સ્થાપક સ્વ. ડૉ. વી. જી. પટેલ મેમોરિયલ લેક્ચરની ચોથી સીરિઝમાં ગાંધીનગરની નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. જે.એમ.વ્યાસે કહ્યું કે, જીવન અને વ્યવસાયિક ક્ષેત્રે શિસ્તતા ખૂબ જરૂરી છે. સફળતા અને ખુશી વ્યકિતની માનસિક સ્થિતિ છે જેને લીધે સ્થિતિ સંજોગોમાં પણ મન ઉદ્દેશને અનુરૂપ વ્યવહારિકતા સાથે કામ કરે તો સફળતાને પામી શકે છે. આપણે એક વ્યકિત કે ઉદ્યોગસાહસિક તરીકે નિર્ધારિત કરેલા લક્ષ્યાંકો અને પસંદ કરેલા વિકલ્પોનું મૂલ્યાંકન કરવું જરૂરી છે. આપણા પ્રયાસોના પરિણામો ગમે એ મળે, એક લાગણીશીલ પરિપક્વતા અને તર્કબદ્ધ મનને હંમેશા એની કોઈ અસર થતી નથી. ઈડીઆઈઆઈના ડિરેક્ટર ડૉ.સુનિલ શુક્લાએ કહ્યું કે, ઉદ્યોગસાહસિકોની નવીન વિચારસરણી, દ્રઢતા અને ખંતના પથદર્શકો છે. કાર્યક્રમમાં ડૉ. જે એમ વ્યાસે, પ્રોફેસર રેમન્ડ સ્માઈલરે પ્રોફેસર રે સ્માઈલર દ્વારા સંપાદિત ધ જર્નલ ઓફ એન્ટરપ્રિન્યોરશિપના સ્પેશ્યલ ઈશ્યૂનું લોકાર્પણ કરાયું હતું.